

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 43,(SURAT), DATE-15/04/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૩, (સુરત), તા.૧૫/૦૪/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.




2 ૨૫ વર્ષથી નાસતા ફરતા આરોપી સહિત ૫ ઝડપાયા, ૧૯૬ પરવાનેદારે હથિયારો જમા કર્યા

3 ગુજરાતમાં કાળઝાળ ગરમીઃ રાજકોટમાં ૪૧ ડિગ્રી તાપમાન, કચ્છમાં હીટવેવનું યેલો એલર્ટ

4 ૩૦ ને મેમો, રસ્તો રોકનારા સામે ગુનો નોધાશે : કામરેજ ચોકડી આસપાસ ૨૫થી વધુ વાહનો ડિટેઇન


# દિલ્હીથી દેહરાદૂન એક્સપ્રેસ હાઇવે! PM મોદીએ એશિયાનો સૌથી લાંબો વાઈલ્ડલાઈફ કોરિડોરનું કર્યું લોકાર્પણ

ઉત્તર ભારતની કનેક્ટિવિટીમાં એક નવો અધ્યાય જોડાવા જઈ રહ્યો છે. ડખ નરેન્દ્ર મોદી મંગળવારે ૨૧૩ કિલોમીટર લાંબા દિલ્હી-દેહરાદૂન આર્થિક કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. રૂ.૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે.




ઉદ્ઘાટન પૂર્વે વડાપ્રધાન ધાર્મિક અને પર્યાવરણીય મુલાકાત પણ લેશે. વન્યજીવ કોરિડોર નિરીક્ષણ પણ તેઓ કરશે. વડાપ્રધાન સહારનપુર ખાતે એશિયાના સૌથી લાંબા વન્યજીવ એલિવેટેડ કોરિડોરની સમીક્ષા કરશે. સવારે ૧૧.૪૦ વાગ્યે દેહરાદૂન પાસે આવેલા પ્રસિદ્ધ જય મા દાત કાલી મંદિરમાં પૂજા-અર્ચના કરશે. બપોરે ૧૨.૩૦ વાગ્યે દેહરાદૂન ખાતે એક ભવ્ય સમારોહમાં એક્સપ્રેસ-વે દેશને સમર્પિત કરશે.

આ પ્રોજેક્ટ માત્ર ગતિ જ નહીં, પરંતુ સુરક્ષા અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય છે. દિલ્હીથી દેહરાદૂન પહોચવામાં અત્યારે ૬ કલાક લાગે છે, જે ઘટીને હવે માત્ર ૨.૫ કલાક થઈ જશે. આ ઉપરાંત મુસાફરોની સુરક્ષા માટે આ કોરિડોરમાં અત્યાધુનિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ૧૦ ઇન્ટરચેન્જ, ૩ રેલવે ઓવર બ્રિજ, ૪ મોટા પુલ અને ૧૨ વે-સાઇડ સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ કોરિડોરની સૌથી મોટી વિશેષતા તેની ઈકો-ફ્રેન્ડલી ડિઝાઇન છે. રાજાજી નેશનલ પાર્ક અને આસપાસની જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે તે એશિયાનો સૌથી લાંબો વાઈલ્ડલાઈફ કોરિડોર બને છે. વન્યજીવોની અવરજવર માટે ૧૨ કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ બનાવવામાં આવ્યો છે. હાથીઓ માટે ૨૦૦ મીટર લાંબા બે ખાસ અન્ડરપાસ અને અન્ય પ્રાણીઓ માટે ૮ રસ્તાઓ બનાવ્યા છે. દાત કાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી આધુનિક સુરંગનું નિર્માણ કરાયું છે જેથી પહાડી પર્યાવરણને નુકસાન ન થાય.

આ એક્સપ્રેસ-વે શરૂ થવાથી હરિદ્વાર, ઋષિકેશ અને દેહરાદૂન જેવા પર્યટન સ્થળોએ પહોંચવું સરળ બનશે. તે માત્ર મુસાફરી જ નહીં, પણ સમગ્ર પ્રદેશમાં વેપાર અને વિકાસના નવા દ્વાર ખોલશે. પીએમઓના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટ વડાપ્રધાનના નેક્સ્ટ જનરેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

# શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૫૬ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૪/૦૪/૨૦૨૬ ને શુક્રવારના રોજ ૭૫૬ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) સ્વ. પુષ્પાબેન જયંતિભાઈ પટેલ - પથરોણ હસ્તક :- શ્રી શીતલબેન અરૂણભાઈ પટેલ, સોયાણી તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

# દેશના ૧૬૬ મોટા જળાશયોમાં પાણી ઘટ્યું, કાળઝાળ ગરમી વચ્ચે કેન્દ્રીય જળ પંચનો રિપોર્ટ

ભારે ગરમી વચ્ચે પાણી અંગે એક ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. દેશના ૧૬૬ મોટા જળાશયોમાં પાણીનું સ્તર બહુ જ ઝડપથી નીચે આવી રહ્યું છે. કેન્દ્રીય જળ આયોગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના રિપોર્ટમાં આ ખુલાસો કરાયો છે. જે મુજબ આ જળાશયોમાં કુલ સ્ટોરેજ ઘટીને ૮૨ અબજ ઘન મીટર રહી ગયું છે. જે કુલ ક્ષમતાના માત્ર ૪૪.૭૧ ટકા છે.



ઘટાડામાં પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, હિમાચલ, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિતના રાજયોના જળાશયો સામેલ

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ફેબ્રુઆરી મહિના બાદથી જ જળાશયોનું પાણી બહુ જ તેજીથી ઘટી રહ્યું છે. બે મહિનામાં જ તેમાં ૨૨ ટકાનો ઘટાડો નોધાયો છે. એવામાં હવે ગરમીની સીઝનમાં જળ સંકટ વધી શકે છે. મોટાભાગના નદી બેસિન હવે ૩૦ ટકાથી ૬૦ ટકાની ક્ષમતા સુધી રહ્યા છે. બિહારનો ચંદન ડેમ પુરી રીતે સુકાઇ ગયો છે. પંચનું કહેવું છે કે સ્થિતિ ગયા વર્ષ અને ૧૦ વર્ષના સરેરાશથી સારી છે, પરંતુ પાણીનું સ્તર જે ઝડપથી ઘટી રહ્યું છે તે ચિંતાજનક છે.

આસામનું ખાંગોડ ૨૮ ટકા, કર્ણાટકનું તાતિહલ્લા ૧૬ ટકા, કેરળનું પેરિયાર ૩૩ ટકા, તમિલનાડુનું શોલાયર ૧૩ ટકા, બંગાળનું કાંગ્સાબાતી ૩૪ ટકા રહ્યું છે. પંજાબ અને રાજસ્થાનના જળાશયોનું પાણી વધુ ઝડપથી ઘટી રહ્યું છે. રાજયો પર નજર કરીએ તો પંજાબમાં ૭૩ ટકાનો ઘટાડો, રાજસ્થાનમાં ૪૭ ટકા, મહારાષ્ટ્રમાં ૪૫ ટકા, હિમાચલમાં ૩૦ ટકા, ગુજરાતમાં ૨૬ ટકા, મધ્ય પ્રદેશમાં ૨૩ ટકા, બિહારમાં ૨૨ ટકા ઘટાડો નોધાયો છે. આ ઉપરાંત તાપી નદીના તટપ્રદેશમાં પાણીમાં ૬૦ ટકા, ગંગા નદીમાં ૫૩ ટકા, નર્મદા નદીમાં ૪૬ ટકા, કાવેરીમાં ૪૨ ટકા, કૃષ્ણા નદીમાં ૩૧ ટકાનો ઘટાડો નોધાયો છે.

## કોગ્રેસના સુપડા સાફ થવાની દહેશતઃ

# ગાંધીનગર સ્થાનિક સ્વરાજની ચૂંટણી જંગમાં વહીવટી ખામીઓ અને કાયદાકીય ગૂંચમાં ૧૭૭ ફોર્મ રદ, હવે મેદાનમાં માત્ર ૪૭૬ ઉમેદવારો

**ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રતિષ્ઠાભરી ગણાતી માણસાની સમૌ બેઠક પર કોગ્રેસના યશવંતભાઈ ચૌધરીનું ફોર્મ ત્રણ સંતાન હોવાના કારણે રદ થયું છે.**

ગાંધીનગર- ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ કલોલ, માણસા અને દહેગામ તાલુકા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનો જંગ હવે રસપ્રદ વળાંક પર આવી પહોચ્યો છે. ઉમેદવારી ફોર્મની ચકાસણીના અંતે જે ચિત્ર સામે આવ્યું છે તે કોગ્રેસ માટે આંચકાજનક અને શાસક પક્ષ ભાજપ માટે વોક ઓવર એટલે કે આગળ વધો જેવી સ્થિતિ સર્જનારું સાબિત થયું છે. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં કુલ ૧૭૭ જેટલા ફોર્મ રદ થતા અનેક દિગ્ગજોના રાજકીય સપનાઓ રોળાયા છે.



ગાંધીનગર જિલ્લાની કુલ ૧૭૬ બેઠકો માટે ભરાયેલા ૬૫૩ ફોર્મમાંથી ૧૭૭ ફોર્મ ટેકનિકલ ખામીઓ, મેન્ડેટના અભાવ કે અયોગ્યતાને કારણે રદ કરવામાં આવ્યા છે. હવે મેદાનમાં માત્ર ૪૭૬ ઉમેદવારો બાકી રહ્યા છે. આ આંકડાકીય ફેરફાર આગામી પરિણામો પર સીધી અસર પાડનારું રાજકીય પરિબળ છે. ખાસ કરીને મહત્વની બેઠકો પર કોગ્રેસના મુખ્ય ઉમેદવારોના ફોર્મ રદ થતા વિપક્ષી છાવણીમાં સોપો પડી ગયો છે.

કારણ કે, ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રતિષ્ઠાભરી ગણાતી માણસાની સમૌ બેઠક પર કોગ્રેસના યશવંતભાઈ ચૌધરીનું ફોર્મ ત્રણ સંતાન હોવાના કારણે રદ થયું છે. આમ, જિલ્લા નેતૃત્વ પર આંધળો વિશ્વાસ રાખી કોગ્રેસ પક્ષે ઉમેદવારની ખરાઈ કર્યા વગર જ ટિકિટ આપતા પક્ષની શિસ્ત પર સવાલો ઉઠ્યા છે. અહી કોગ્રેસના ઉમેદવારને ત્રણ સંતાનો હોવાનું સાબિત થતા તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. આમ ગાંધીનગર કોગ્રેસ હજી પણ આંતરિક ખેંચતાણમાં વ્યસ્ત રહી ચૂંટણી નિયમોના પાઠ ભણી નહી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.


॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥

જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292

શ્રીબાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુદ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી


# વાલોડ તાલુકાના બાજીપુરાથી ૯ ભેસ કતલખાને જતી બચાવાઇ

વાલોડ- વાલોડ તાલુકાના બાજીપુરા નાકા પોઇન્ટ નજીક પોલીસે કાર્યવાહી કરીને કતલખાને લઈ જવામાં આવતી ૯ ભેસોને બચાવી ટ્રક સાથે મુદ્દામાલ કબજે કર્યો છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.



બાજીપુરા નાકા પોઇન્ટ ઉપર ફરજ બજાવતા પોલીસ કર્મચારીને રાત્રે આશરે ૮:૩૦ કલાકે ટેલીફોનિક બાતમી મળી હતી કે ગાડીમાં પશુઓ ભરેલા છે. બાતમીના આધારે પોલીસ વોચમાં હતી. તે દરમિયાન કાળા રંગની સ્કોર્પિયો ગાડી નાકા પોઇન્ટ પર આવી ઊભી રહી હતી, જેમાંથી ઉતરેલા બે વ્યક્તિઓએ પોતાને Animal Welfare Board of Indiaના સભ્ય તરીકે ઓળખાવ્યા હતા અને પશુ ભરેલી ટ્રક બારડોલી તરફથી આવવાની જાણ કરી હતી.

ટ્રકને રોકી તપાસ કરવામાં આવી હતી. ટ્રકમાં ભેસોને ગીચ રીતે ભરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ટ્રકના ડ્રાઇવરે પોતાનું નામ બજરૂદ્દીન બસીરખાન પઠાણ (રહે. કુકરવાડા રોડ, ભરૂચ) હોવાનું જણાવ્યું હતું. ભેસો ભરૂચ ખાતે ભરાવી ધુલિયા માર્કેટ ખાતે ઉતારવાની હોવાનું જણાયું હતું.


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો.....

શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### સુરતમાં ભાગ્યોદય થેપલા હાઉસના માલિકે ૧૮ મહિનાથી યુવતીને ગોંધી રાખીઃ

# દોઢ વર્ષ સુધી એક રૂપિયો પગાર ન આપી દુકાનમાં કામ કરાવતો, સામાજિક સંસ્થાએ પોલીસની મદદથી મુક્ત કરાવી

સુરત-સુરતના સરથાણા સીમાડા વિસ્તારમાં આવેલા 'ભાગ્યોદય થેપલા હાઉસ'ના માલિકે ૨૭ વર્ષીય યુવતીને છેલ્લા દોઢ વર્ષથી દુકાનમાં બંધક બનાવી રાખ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 'વુમન ઈમ્પાવરમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ'ની સતર્કતા અને પોલીસની દરમિયાનગીરી બાદ યુવતીને મુક્ત કરાવી તેનો બાકી પગાર અપાવવામાં આવ્યો હતો, જોકે પોલીસ તપાસમાં યુવતી પોતાની મરજીથી ત્યાં રહેતી હોવાનો ખુલાસો થયો છે.



સરથાણા સીમાડાની સંગના સોસાયટી પાસે આવેલી 'ભાગ્યોદય થેપલા હાઉસ' દુકાનના માલિક સંજયભાઈએ યુવતીને છેલ્લા ૧૮ મહિનાથી પોતાના શિકંજામાં રાખી હતી. મળતી માહિતી મુજબ, યુવતી પાસે સવારે ૪ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી અમાનવીય રીતે કામ કરાવવામાં આવતું હતું. ત્યારબાદ રાત્રે કામ પૂરું થયા બાદ દુકાનને બહારથી તાળું મારી જતો રહેતો હતો, જેના કારણે યુવતી માટે દુકાનની ચાર દીવાલો જ જેલ બની ગઈ હતી. આ સમયગાળા દરમિયાન તેને કોઈ પણ પ્રકારનો પગાર ચૂકવવામાં આવ્યો નહોતો.

'વુમન ઈમ્પાવરમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ'ના પ્રમુખ ચેતનાબેન સાવલીયાને આ અંગે બાતમી મળતા તેમણે સતત ૧૫ દિવસ સુધી દુકાન પર વોચ રાખી હતી. હકીકતની ખાતરી થયા બાદ, તેમણે પોલીસની મદદથી દુકાન પર તપાસ હાથ ધરી યુવતીને મુક્ત કરાવી હતી. લાંબા સમયની કેદને કારણે યુવતી માનસિક રીતે ભાંગી પડી હતી. સંસ્થાએ દબાણ લાવી માલિક પાસેથી યુવતીનો દોઢ વર્ષનો બાકી પગાર અપાવ્યો હતો અને તેને તેના પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો.

આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.એસ. કોરાટે જણાવ્યું હતું કે, માલિક અને યુવતી બંનેને પોલીસ સ્ટેશન બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે યુવતી પોતાની પાસે મોબાઈલ રાખતી હતી અને તે પોતાની મરજીથી ત્યાં રહેતી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, તે તેના પરિવારના સંપર્કમાં પણ હતી અને તેની સાથે કોઈ પણ પ્રકારની જોર-જબરજસ્તી કરવામાં આવી નહોતી. હું તો રૂમ શોધવા આવી હતી અને આ લોકોએ મને ડરાવી હતી. દુનિયા સારી નથી. તને એકલી છોકરીને કોણ રૂમ આપશે. એકલી છોકરી જોઇ લોકો તને વેચી નાખશે અને પછી મને ધમકી આપતા હતા એટલા માટે હું ડરી ગઈ હતી.

### તાપી પોલીસની ચૂંટણી પહેલાં કાર્યવાહી

# ૨૫ વર્ષથી નાસતા ફરતા આરોપી સહિત ૫ ઝડપાયા, ૧૯૬ પરવાનેદારે હથિયારો જમા કર્યા

તાપી (વ્યારા)- તાપી જિલ્લા પોલીસે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા સઘન ઝુંબેશ શરૂ કરી છે. આ અંતર્ગત હથિયારો જમા લેવા, નાસતા-ફરતા આરોપીઓની ધરપકડ કરવા અને અટકાયતી પગલાં લેવા સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે.



**શાંતિપૂર્ણ માહોલ જાળવવા માટે કુલ ૧૫૮૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં લેવાયા છે. જેમાં BNSS ની વિવિધ કલમો હેઠળ ૧૧૧૮થી વધુ લોકો સામે કાર્યવાહી કરાઈ છે,**

ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લામાં પરવાનાવાળા હથિયારો જમા લેવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. કુલ ૨૪૫ હથિયારોમાંથી ૧૯૬ જમા લેવાયા છે, ૩ જપ્ત કરાયા છે, ૧૭ રદ/કમી કરાયા છે અને ૨૯ને મુક્તિ અપાઈ છે. હવે કોઈ હથિયાર જમા લેવાનું બાકી નથી. ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અત્યાર સુધીમાં કુલ ૧૯૨ નાસતા-ફરતા આરોપીઓમાંથી ૫ને ઝડપી પાડવામાં આવ્યા છે. વાલોડ પોલીસે છેલ્લા ૨૫ વર્ષથી ફરાર ઉત્તર પ્રદેશના ગીરીશચંદ્ર ઉર્ફે લલ્લુ મિશ્રાને પકડ્યો છે. સોનગઢ પોલીસે ૧૨ વર્ષથી નાસતા ફરતા મહારાષ્ટ્રના શાંતારામ કોલીની ધરપકડ કરી છે. ઉચ્છલ, સોનગઢ અને ઉકાઈ પોલીસે પ્રોહિબિશન અને અન્ય ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની પણ અટકાયત કરી છે.

શાંતિપૂર્ણ માહોલ જાળવવા માટે કુલ ૧૫૮૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં લેવાયા છે. જેમાં BNSS ની વિવિધ કલમો હેઠળ ૧૧૧૮થી વધુ લોકો સામે કાર્યવાહી કરાઈ છે, જ્યારે પ્રોહિબિશન કલમ ૯૩ હેઠળ ૪૩૧ લોકોની અટકાયત કરાઈ છે. આ ઉપરાંત, ૪ તડીપાર દરખાસ્ત અને ૧ પાસા હેઠળની દરખાસ્ત પણ કરવામાં આવી છે.

ચૂંટણીલક્ષી ચેકિંગ દરમિયાન પોલીસે મોટા પાયે દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. કુલ ૨૧૬ પ્રોહિબિશન કેસ નોંધાયા છે, જેમાં ૧૬૦ કેસ દેશી દારૂના (૬૧૭ લીટર, કિંમત ૧,૨૩,૪૦૦) અને ૫૬ કેસ વિદેશી દારૂના (૬૮૬ બોટલ, કિંમત ૮૪,૫૭૦) છે. તાપી પોલીસ દ્વારા લેવાયેલા આ કડક પગલાંને કારણે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બની છે.

### સુરત જિલ્લા પંચાયત ચૂંટણી

# સાયણ અને કિમ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેચતા ભાજપના બે ઉમેદવાર બિનહરીફ; સેટિંગના આક્ષેપો

ઓલપાડ- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં રાજકીય દાવપેચ જોવા મળી રહ્યા છે. સુરત જિલ્લા પંચાયતની સાયણ અને કિમ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા ભાજપના બે ઉમેદવારો બિનહરીફ થયા છે. આ ઘટનાને પગલે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે 'સેટિંગ' થયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સાયણ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન નાયક ચૂંટણી પહેલાથી પ્રચારમાં સક્રિય હતા. જોકે, કોંગ્રેસ પક્ષે અંતે તેમને ટિકિટ ન આપીને મુકેશભાઈ નાથુભાઈ પટેલને ટિકિટ આપી હતી. કોંગ્રેસના કાર્યકરો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે પક્ષે ભાજપ સાથે મળીને ટિકિટનો સોદો કર્યો છે.



ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ ૧૫મી હતી. ફોર્મ ચકાસણીના દિવસે, એટલે કે બે દિવસ પહેલા, સાયણ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર મુકેશ નાથુભાઈ પટેલ અને કિમ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પાર્વતીબેન પ્રમોદભાઈ પટેલે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. કિમ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર સંગીતાબેન પ્રવિણસિંહ ખેરે પણ ઉમેદવારી પાછી ખેંચી હતી.

આ ઉમેદવારી પાછી ખેચાતા સાયણ બેઠક પરથી ભાજપના બ્રિજેશભાઈ પટેલ અને કિમ બેઠક પરથી ભાજપના અનુબેન જયેશભાઈ દેસાઈ બિનહરીફ જાહેર થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાયણ જિલ્લા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર હિરેન કુમાર પટેલનું ઉમેદવારી પત્રક રદ કરવામાં આવ્યું હતું, જેનાથી ભાજપનો માર્ગ વધુ મોકળો થયો હતો. સાંજના પાંચ વાગ્યા પહેલા જ બંને બેઠકના તમામ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લેતા ભાજપને બે બેઠકો ભેટમાં મળી હતી.

# વ્યસની પતિને કાયદાનું ભાન કરાવી પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવતી બારડોલી ૧૮૧ અભયમ ટીમ

**બારડોલી-** એક પીડિત મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જાણ કરી હતી કે તેમના પતિ કેફી દ્રવ્યોનું સેવન કરીને ઘરે આવે છે અને તેમને સતત માનસિક ત્રાસ આપે છે. પરિસ્થિતિ ગંભીર બનતા મહિલાએ ૧૮૧ અભયમની મદદ માગી હતી.

કોલ મળતા જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ બારડોલી ખાતે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પીડિત મહિલાના કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે તેઓ તેમના પતિ અને બે બાળકો સાથે અલગ મકાનમાં રહે છે. પીડિતાના પતિ છેલ્લા બે વર્ષથી નોકરી પર જતા ન હતા અને પરિવારની જવાબદારીઓ પણ નિભાવતા ન હતા. પરિવારનું ગુજરાન પીડિત મહિલા કારખાનામાં કામ કરીને ચલાવતી હતી. પતિ દ્વારા નશો કરવા માટે વારંવાર પૈસાની માંગ કરવામાં આવતી હતી, જેના કારણે દૈનિક ઝઘડા થતા હતા. ઉપરાંત, પતિ અવારનવાર કેફી દ્રવ્યોનું સેવન કરીને ઘરે આવી મહિલાને ભારે માનસિક ત્રાસ આપતા હતા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ૧૮૧ અભયમ ટીમ દ્વારા બંને પક્ષોનું અસરકારક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. ટીમ દ્વારા પતિને કડક શબ્દોમાં કાયદાકીય સમજણ આપવામાં આવી અને તેમના વર્તનની ગંભીરતા સમજાવવામાં આવી. કાઉન્સેલિંગ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી અને ભવિષ્યમાં પત્નીને હેરાન ન કરવાની તેમજ પત્ની અને બાળકોની તમામ જવાબદારીઓ નિભાવવાની ખાતરી આપી. પરિણામે ૧૮૧ અભયમ ટીમે પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવી પરિવાર તૂટતાં બચાવ્યો. પીડિત મહિલાએ સમયસર સહાય અને કાઉન્સેલિંગ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો આભાર વ્યક્ત કર્યો.



**બારડોલી ૧૮૧ ટીમના કાઉન્સેલિંગથી પતિએ ભૂલ સ્વીકારી, પત્ની અને બાળકોની જવાબદારી લેવાની આપી ખાતરી**

# દેશના અનેક રાજયોમાં ચાલુ વર્ષે સરેરાશ ઓછો વરસાદ થશે : હવામાન વિભાગ

નવી દિલ્હી : હવામાન વિભાગના પૂર્વાનુમાનમાં આ વર્ષે ચોમાસું સરેરાશ કરતાં નબળું રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હિન્દ મહાસાગરમાં વાતાવરણની સિસ્ટમ આ વર્ષે જુદી હોવાથી તેની અસર દેશના અનેક રાજયોમાં પડશે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન જે વરસાદ થશે એ ૯૨ ટકા થશે. દેશમાં સરાસરીથી થોડો ઓછો વરસાદ થશે. એમાંય વળી અમુક રાજયોમાં અતિવૃષ્ટિ તો અમુકમાં ઘણો ઓછો વરસાદ થાય એવી સંભાવના છે.

હવામાન વિભાગે ૧૯૭૧થી ૨૦૨૦ની અવધિના ૮૭ સેન્ટીમીટરના આધારે ચાલુ વર્ષના ચોમાસાની શક્યતા વ્યક્ત કરી છે. હજુ આ લાંબી અવધિનું પૂર્વાનુમાન છે એટલે કદાચ આગામી દિવસોમાં જો વાતાવરણ પલટાય તો તેની અસર પડવાની શક્યતા ખરી, છતાં સરેરાશ આ વર્ષે ૯૨ ટકા વરસાદની શક્યતા છે. ચોમાસું ધારણાંથી થોડું નબળું રહેશે. જો એવું થશે તો ખેતી, પશુપાલન અને જળસંસાધનમાં અસર થશે.



પૂર્વાનુમાનોમાં અલ નીનોની અસર વિશે કહેવાયું છે. અલ નીનોના કારણે દેશમાં આ વર્ષે ગરમી પણ વધારે પડવાની શક્યતા છે અને વરસાદનું સાતત્ય પણ ખોરવાશે. પૂર્વોત્તરના રાજયોમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. તો દક્ષિણના રાજયોમાં સરેરાશ જેટલો વરસાદ થાય છે એટલો જ થશે. અમુક સ્થળોએ અતિવૃષ્ટિ થઈ શકે છે. સૌથી વધુ અસર ઉત્તર અને મધ્યભારતના રાજયોમાં થવાની સંભાવના છે. ઉત્તર ભારતના રાજયોમાં દૂકાળ કે પછી ઘણો ઓછો વરસાદ થશે. દક્ષિણ-પશ્ચિમના ચોમાસા વખતે અલ નીનોની તીવ્ર અસર રહેશે. તેના કારણે ચોમાસું નબળું રહી શકે છે. જૂન સુધી તો દેશમાં લગભગ વાતાવરણ સામાન્ય રહેશે, પરંતુ જૂન પછી વાતાવરણ પલટાશે. ઈન્ડિયન ઓસન ડિપોલની અસર રહેવાની હોવાથી દેશના વાતાવરણમાં વારંવાર પરિવર્તન જોવા મળે તો નવાઈ પામવા જેવું નહીં રહે. હવામાન વિભાગે દૂકાળ ક્યા રાજયોમાં પડી શકે તે બાબતે હજુ સ્પષ્ટતા કરી નથી, પરંતુ ઉત્તર ભારત, ખાસ તો ગંગા નદીના કિનારે તેની વધારે અસર થઈ શકે છે.

# શી ટીમે દ્વારા સરાહનીય કામગીરી:પોલીસની શી ટીમે ઘરેલુ હિંસાનો ભોગ બનેલી ૨૨૫ મહિલાનું કાઉન્સેલિંગ કર્યું

ગાંધીનગર- ગાંધીનગર પોલીસ દ્વારા કાર્યરત શી ટીમ શહેરની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તાજેતરમાં શી ટીમ દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓના આંકડા પર નજર કરીએતો ખુબજ સરાહનીય કામગીરી કરી છે. ગુજરાત પોલીસની શી ટીમ અત્યારે ગાંધીનગર શહેરની મહિલાઓ, બાળકો અને વડીલો માટે સાચા અર્થમાં એક રક્ષક અને સાથીદાર સાબિત થઈ રહી છે. મહિલાઓની



સુરક્ષા અને વડીલોની સેવા માટે ખાસ બનાવવામાં આવેલી આ ટીમની કામગીરીના આંકડા જોતા જ ખ્યાલ આવે છે કે તેઓ દરેક ક્ષેત્રમાં સક્રિય છે.

એટલું જ નહીં, બાળકોની સુરક્ષા માટે શહેરની અલગ-અલગ શાળાઓમાં ૨૨૭ જેટલા ગૂડ ટચ-બેડ ટચ ના કાર્યક્રમો યોજીને બાળકોને સ્વ-રક્ષણના પાઠ ભણાવ્યા છે. જાહેર સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે શી ટીમ ખાસ પેટ્રોલિંગ અને સર્વેલન્સ કરે છે. બસ સ્ટોપ, બગીચા અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ખાસ નજર રાખવામાં આવે છે. ખાસ કરીને જયારે સ્કૂલો છૂટતી હોય ત્યારે ૬૭૫ જેટલી વાર ટીમે પેટ્રોલિંગ કરીને અસામાજિક તત્વો પર લગામ કસી છે. આ ટીમની ખાસિયત એ છે કે ગરબા, ઉત્સવો કે ભારે ભીડવાળા સ્થળોએ મહિલા પોલીસ કર્મચારીઓ સાદા ડ્રેસમાં રહીને ગુપ્ત વોચ રાખે છે, જેથી કોઈને ખબર પણ ન પડે .

# વડોદરાઃ તાલીમ પૂર્ણ કરી ફ્રેશ થવા ગયેલા SRP જવાનનું હાર્ટ એટેકથી મોત! પરિવારમાં શોકનું મોજું

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી નાની ઉંમરે હાર્ટ એટેક આવવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આવી જ એક હૃદયદ્રાવક ઘટના વડોદરામાં બની છે, SRP ગ્રુપ-૯માં તાલીમ લઈ રહેલા ૨૭ વર્ષીય લોકરક્ષક જવાનનું છાતીમાં દુઃખાવા બાદ મોત નીપજયું છે.

મળતી માહિતી અનુસાર, રાજપીપળા નજીકના તિલકવાડાના રહેવાસી દીપકકુમાર બારીયા SRP ગ્રુપ-૯ માં ગત ૧૫ મી માર્ચથી લોકરક્ષક તરીકેની તાલીમ લઈ રહ્યા હતા. છેલ્લા ચાર અઠવાડિયાથી તે સઘન તાલીમમાં વ્યસ્ત હતા. સવારનું ટ્રેનિંગ સત્ર પૂરું થયા બાદ તે અન્ય સાથી જવાનો સાથે કપડાં બદલવા અને ફ્રેશ થવા ગયા હતા. આ દરમિયાન અચાનક તેને છાતીમાં તીવ્ર દુઃખાવો ઉપડ્યો હતો.



દીપકકુમારે છાતીમાં દુઃખાવાની જાણ સાથી જવાનોને કરી હતી. સ્થિતિ ગંભીર જણાતા તેમને તાત્કાલિક SRPની ડિસ્પેન્સરીમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં ડોક્ટરને બતાવવા માટે કેસ કઢાવી રહ્યા હતા, આ દરમિયાન તે અચાનક ઢળી પડ્યા હતા. હાજર ડોક્ટરોએ તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી બોટલ ચડાવ્યા બાદ વધુ સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેનું મોત નીપજયું હતું.

પ્રાથમિક તબીબી તપાસમાં યુવાન જવાનનું મોત હાર્ટ એટેકને કારણે થયું હોવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. જોકે, પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. માત્ર ૨૭ વર્ષની ઉંમરે દેશસેવા માટે સજ્જ થઈ રહેલા આશાસ્પદ જવાનના નિધનને પગલે SRP કેમ્પસ સહિત તેમના વતન રાજપીપળામાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

PAGE -03
Date- 15/04/2026 Wednesday
# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

## ખાલી યુદ્ધ નહી પણ વસતીનો વધારો દુનિયાની ખાદ્ય સુરક્ષા સામે જોખમ


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

ટેકનોલોજી, ઈન્ટરનેટ, મેટાવર્સ, આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ અને ક્વિક ડિલીવરી, ઈ કોમર્સ અને ઇલેક્ટ્રિક કારની દુનિયામાં ખાદ્યસુરક્ષા, ભૂખમરો વિસરાઈ ગયા છે. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધે દુનિયાના ફરી કોમોડિટીઝ, ઘઉં, ચોખા, અનાજ અને ખાદ્યતેલ વિષે વિચારતા કરી દીધા છે. અમેરિકામાં અને બ્રિટનમાં ચાર દાયકાની ભારતમાં ત્રણ દાયકાની સૌથી ઉંચી મોંઘવારી છે. શ્રીલંકા, પાકિસ્તાન અને તુર્કી જેવા દેશો તો એક વર્ષથી મોંઘવારીની લપેટમાં છે. યુદ્ધમાં પુતિન જીતશે કે નહી? પુતિન સાચા કે ખોટા એ પછી નક્કી થશે પણ મૂળ બોધપાઠ અત્યારે જ મળી રહ્યો છે. ખાદ્યસુરક્ષા!

દુનિયામાં ૨૮ કરોડ લોકો ભૂખમરાના આરે?

યુનાઇટેડ નેશન્સમાં અત્યારે ચર્ચા ચાલી રહી છે. આક્ષેપ છે કે રશિયા અનાજનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરી રહી છે અને તેના કારણે અનાજ લોકો સુધી પહોચી રહ્યું નથી અને દુનિયામાં લગભગ ૨૮ કરોડ લોકો ભૂખમરાના આરે ઉભા છે. યુદ્ધના કરને તેમાં ૪.૭૦ કરોડ લોકોનો ઉમેરો થયો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના ખાદ્ય વિભાગના વડા ડેવિડ બેઝલી જણાવે છે કે કોમોડિટીઝ બજારમાં તેજીના કારણે વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં આવી સ્થિતિ ઉભી થઇ હતી અને દુનિયાના ૪૦ દેશોમાં ખાવા માટે થઇ લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા છે. વર્તમાન સ્થિતિ લાંબો સમય ચાલશે તો આ વખતે પણ રાજકીય સંકટ ઉભું થશે, લોકોને અનાજ મળશે નહી અને તે રસ્તા ઉપર ઉતરી આવશે. ઘઉં, ચોખા, ખાદ્યતેલ જેમાં રશિયા અને યુક્રેન મોટા ઉત્પાદક છે તેવી ચીજોના ભાવ આસમાને પહોચી ગયા છે. દુનિયા પાસે સ્ટોક નથી અને જેની પાસે સ્ટોક છે તે વેચવા તૈયાર નથી. આ સંગ્રહખોરી ફરીયાદ અપાવી રહી છે કે રોટી, કપડાં અને મકાન જ માનવજાતની પાયાની જરૂરીયાતો છે!

વધતી જનસંખ્યા સામે ખરેખર અનાજનું ઉત્પાદન વધી રહ્યું નથી. લગભગ સવા બસો વર્ષ પહેલા અંગ્રેજ અર્થશાસ્ત્રી થોમસ માલથસે આવી આગાહી કરી હતી. માલ્થસ થીયરી અનુસાર વસતી વૃદ્ધિ એટલી ઝડપી છે કે તેના કરને ખાદ્યચીજોનું ઉત્પાદન એટલી ઝડપથી વધી શકશે નહી. પરિણામે ભુખમરાની સ્થિતિ આવી પડશે. માલથસે રજૂ કરેલી થીયરી વારંવાર ખોટી ઠેરવવામાં આવી રહી છે પણ અત્યારની સ્થિતિમાં તે સાચા લાગે છે. આંકડા પણ દર્શાવે છે કે દુનિયાની વસતી અને વધી રહેલા વપરાશ સામે ખાદ્યચીજોનું ઉત્પાદન વધી શક્યું નથી.

માલથસની થીયરી ક્યારેય સ્વીકારવામાં આવી ન હતી. ખાલી ૧૯૬૦ના દાયકામાં જયારે દુનિયામાં એક પછી એક દેશ આઝાદ થઇ રહ્યા હતા. બ્રિટીશ અને યુરોપની સત્તાનો અંત આવી રહ્યો હતો ત્યારે નવા દેશ પોતાની જાતને અનાજના ક્ષેત્રે સ્વતંત્ર કરવા મચી પડયા હતા. અમેરિકાના ઘઉં ઉપર આધાર રાખતા ભારતમાં હરિત ક્રાંતિના બીજ પણ ત્યારે જ રોપાયા હતા. આ પછી વૈશ્વિકરણ, દુનિયામાં વ્યાપાર મુક્ત થયો એટલે એકલદોકલ સ્થિતિ સિવાય મોટી કટોકટી આવી નથી.

પણ હવે ફરી મારો દેશ પહેલા એવો વિચાર આવ્યો છે. આ વિચાર અમેરિકા ફર્સ્ટના નારા સાથે ડોનાલ્ડ ટ્રમ્પ લઇને આવ્યા હતા. આ પછી ભારતે ઇભઈઁ વ્યાપાર સંધિ છેલ્લી ઘડીએ પોતાને, સ્થાનિક હિત માટે થઇ ખસેડી લીધી અને ભારત પણ આત્મનિર્ભરતા લઇ આવ્યું. અત્યારે રશિયા અને યુક્રેનના યુદ્ધના કારણે વિશ્વના સૌથી મોટા પામતેલ ઉત્પાદક ઇન્ડોનેશિયાએ પામતેલ નિકાસ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો. એક સપ્તાહ પછી ભારતે ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો છે. બન્ને દેશ માટે સ્થાનિક બજારમાં ઊંચા ભાવ સિરદર્દ હોવાથી આ પગલું લેવું પડયું છે.

દુનિયાએ ભારતનો વિરોધ કર્યો છે. વિરોધની તરફેણ અને તેનો પ્રતિશોધ અલગ ચર્ચા છે પણ મૂળ મુદ્દો એટલે છે કે વધી રહેલી વસતી જેટલું અનાજ ઉત્પાદન થઇ રહ્યું નથી. ફરી માલથસની થીયરી યાદ કરવાનો સમય પાકી ગયો છે. વૈશ્વિક ઉત્પાદન અને વપરાશ એટલા તંગ છે કે વધી રહેલી વસતીને પોષણ આપવા માટે પૂરતા નથી.


## ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058


## સોનગઢના ચીખલી ભેસરોટ ગામની ઘટના :પતિએ પત્નીને કડા વડે માર મારી નાકમાં ફ્રેક્ચર કરી દીધું

સોનગઢ- સોનગઢ તાલુકાના ચીખલી ભેસરોટ ગામે કૌટુંબિક હિંસાની ગંભીર ઘટના સામે આવી છે,જેમાં પત્ની પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડનાર પતિ વિરુદ્ધ સોનગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

કરંજવેલ ગામના વતની ૨૨ વર્ષીય પ્રિયંકાબહેન પિયુષભાઈ ગામીતના લગ્ન ૨૦૨૨ માં ચીખલી ભેસરોટ ગામના પિયુષભાઈ ગામીત સાથે થયા હતા.લગ્નજીવનનાં થોડા સમય બાદ પતિ નાની-નાની વાતોમાં ઝઘડો કરતો હોવાથી પ્રિયંકા પિયર કરંજવેલ જતા રહ્યા હતા.

આઠ માસ અગાઉ પતિએ સુધરી જવાની ખાતરી આપતા સમાધાન કરી તેઓ સાસરે પરત ફર્યા હતા.ઘટનાના દિવસે પ્રિયંકાબહેન ઘરે એકલા હતા ત્યારે બપોરે પતિ પિયુષભાઈ ગામીત ઉશ્કેરાઇ અદાવત રાખી પત્નીને પૂછ્યું હતું કે, તું કેમ તારા ઘરના માણસો પાસે મને માર ખવડાવે છે ? આટલું બોલી પિયુષભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી પ્રિયંકાબહેનને ઢીક્કા- મુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતું. આવેશમાં આવી પતિએ પોતાના હાથમાં પહેરેલા સ્ટીલના કડા વડે પત્નીના મોઢા અને કપાળનાં ભાગે જોરદાર પ્રહાર કર્યા હતા.

હુમલામાં લોહીલુહાણ થયેલી પ્રિયંકાબહેનને ૧૦૮ મારફતે વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા. તબીબોના જણાવ્યા અનુસાર,ગંભીર ઈજાને કારણે તેમને કપાળ અને મોઢાના ભાગે ચાર ટાંકા આવ્યા છે, જયારે એક્સ-રેમાં નાકના ભાગે ફ્રેક્ચર થયું હોવાનું સામે આવ્યું છે. હાલ ભોગ બનનાર મહિલાએ પોલીસમાં ફરિયાદ આપી છે.

## ગુજરાતમાં કાળઝાળ ગરમીઃ રાજકોટમાં ૪૧ ડિગ્રી તાપમાન, કચ્છમાં હીટવેવનું યેલો એલર્ટ



ગુજરાતમાં ઉનાળાની શરૂઆતમાં આકરા તાપથી થઈ છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ હજુ પણ વધવાની શક્યતા છે, જેને પગલે કચ્છ સહિતના વિસ્તારો માટે ખાસ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન કચ્છ જિલ્લામાં હીટવેવની સ્થિતિ પ્રવર્તશે. ઉકળાટ અને ગરમ પવનોને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવા માટે તબીબી સલાહ આપવામાં આવી છે. રાજકોટમાં ૧૩મી એપ્રિલ ગરમીએ માઝા મૂકી હતી. ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. આકરા તાપને કારણે બપોરના સમયે શહેરના મુખ્ય માર્ગો પર કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદમાં ૪૦.૭ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ, ભુજ અને સુરેન્દ્રનગરમાં પારો ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટરના જણાવ્યા મુજબ, હાલ રાજ્યભરમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે. ઉત્તર-પશ્ચિમના ગરમ પવનો ફૂંકાવાને કારણે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હજુ પણ ૧થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી ૪-૫ દિવસ સુધી ગરમીથી રાહત મળવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું:ચૂંટણી પ્રચારમાં ત્રણ થી વધુ વાહનોના કાફલા પર પ્રતિબંધ, નિયત અંતર જરૂરી

બારડોલી- રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. સુરત જિલ્લામાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ વાહનોના ઉપયોગ અંગે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે.

જાહેરનામા મુજબ, ચૂંટણી પ્રચાર માટે રાજકીય પક્ષો કે સમર્થકોએ પરવાનગી લઈને જ વાહનોનો ઉપયોગ કરવાનો રહેશે. જોકે, રોડ પર શક્તિ પ્રદર્શન દરમિયાન ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાને રાખીને વાહનોની સંખ્યા પર મર્યાદા મુકવામાં આવી છે.

જાહેર રસ્તાઓ પર એકસાથે ૩ થી વધુ વાહનોના કાફલામાં ફરવા પર પ્રતિબંધ. જો ૩ થી વધુ વાહનો હોય, તો તેને અલગ-અલગ કાફલામાં વિભાજિત કરવા પડશે અને બે કાફલા વચ્ચે ઓછામાં ઓછું ૨૦૦ મીટરનું અંતર રાખવું પડશે. પોલીસ કમિશનરની હકુમત સિવાયના સુરત જિલ્લાના તમામ વિસ્તારોમાં આ નિયમ લાગુ રહેશે.

કોને મુક્તિ મળશે? લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ જે રાજકીય નેતાઓને વિશેષ મુક્તિ આપવામાં આવી છે, તેમને આ નિયમોમાંથી છૂટછાટ મળશે. તે સિવાયના તમામ ઉમેદવારો અને કાર્યકરો માટે આ નિયમનું પાલન કરવું અનિવાર્ય છે, અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## કામરેજમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ભાજપની બેઠકઃઉમેદવારોને પ્રચાર અને સંગઠન



કામરેજ- ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ સંદર્ભે, સુરત જિલ્લાના કામરેજ ખાતે ભારતીય જનતા પાર્ટીની એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કામરેજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ભાજપના તમામ ઉમેદવારો હાજર રહ્યા હતા.

જિલ્લા મહામંત્રી રોહિતની આગેવાની હેઠળ આયોજિત આ બેઠકમાં તમામ ઉમેદવારોનો પરસ્પર પરિચય કરાવવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં ચૂંટણી કાર્યાલયો ખોલવા, ડોર-ટુ-ડોર પ્રચારની રણનીતિ ઘડવા અને પક્ષનો સંદેશ છેવાડાના મતદારો સુધી કેવી રીતે પહોંચાડવો તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, પક્ષના નારાજ કાર્યકરોને મનાવીને તેમને સાથે રાખવા અને વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન હેઠળ એકજુથ થઈને ચૂંટણી લડવા માટે પણ ઉમેદવારોને સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠક અંગે માહિતી આપતા સુરત જિલ્લા ભાજપના સિનિયર નેતા અશ્વિન પટેલે જણાવ્યું હતું કે, ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ અપાઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કામરેજ તાલુકાની ચારેય જિલ્લા પંચાયતની બેઠકો અને તમામ તાલુકા પંચાયતની બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી બહુમતીથી વિજયી બનશે.

## કડોદરામાં રાજકીય ગરમાવોઃકડોદરા પાલિકા ચૂંટણીમાં આપને ફટકો, પ્રમુખ સહિત ૧૦ ના ફોર્મ રદ્દ



બારડોલી- સુરત જિલ્લાના કડોદરા નગરપાલિકાની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. અહીં નવા જોડાયેલા વિસ્તાર ચલથાણમાં ભાજપમાં જ ભડકો થયો છે અને અપક્ષ ઉમેદવારપત્રો પણ ભરાયા છે.

આ તમામ પ્રક્રિયા વચ્ચે કામરેજ પ્રાંત કચેરી ખાતે ઉમેદવારી પત્ર ચકાસવાના અંતિમ દિવસે આમ આદમી પાર્ટી, અપક્ષ સહિત ૧૦ ઉમેદવારીપત્રો રદ્દ થયા હતાં. જેમાં સૌથી વધુ નુકસાન આમ આદમી પાર્ટીને થયું છે. નગરપાલિકાના કુલ ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો ભરાયા હતાં. કામરેજ પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં આમ આદમી પાર્ટીના ૫ અપક્ષના ૩ અને કોંગ્રેસનું ૧ તેમજ બીએસપીનું ૧ ફોર્મ રદ્દ જાહેર કરવામાં આવ્યું હતું.

પક્ષો દ્વારા મૂકવામાં આવેલ ડમી ઉમેદવારી ફોર્મ નિયમ મુજબ રદ્દ થયા હતાં, પરંતુ કેટલાક ઉમેદવારોના ફોર્મમાં ગંભીર ક્ષતિ રહી જતાં ચૂંટણીની રેસમાંથી બહાર રહેવું પડ્યું હતું. વોર્ડ નં ૧ માં કોંગ્રેસના ભારતીબહેન માળીએ અને વોર્ડ નં ૩માં બીએસપીના સંજય વાઘેલાનું ફોર્મ રદ્દ થયું હતું.

વોર્ડ નં ૨માં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર રાકેશ સાલેકર તેમજ આપના ઉમેદવાર અનુકુમારીસિંહ તેમજ કડોદરા નગર આમ આદમી પાર્ટીના પ્રમુખ કમલેશભાઈ વાંસફોડાનું ફોર્મ પણ અમાન્ય થયું હતું. જયારે સૌથી વધુ ચર્ચા સ્પદ વોર્ડ નં ૪ જે ચલથાણ વિસ્તારમાં આવે છે. આપના રાજુભાઈ આહિર અને નૈનુ ભાંડુના ફોર્મ રદ્દ થયા છે. આ ઉપરાંત વોર્ડ નં ૫ અપક્ષ ઉમેદવારી નોંધાવનાર રાજેન્દ્રસિંહ ખરવાસિયા અને વોર્ડ નં ૭ માં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર શીલાબહેન ઓડનું ઉમેદવારીપત્ર રદ્દ થયું હતું. હવે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

## હર્ષ સંઘવીએ ગોલ્ડન ભેળ ખાતા ચૂંટણીલક્ષી ચર્ચા કરીઃઅંકલેશ્વરમાં કાર્યકરો સાથે અનોખો અંદાજ જોવા મળ્યો



અંકલેશ્વર- રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અંકલેશ્વરમાં ગોલ્ડન ભેળની લારી પર કાર્યકરો અને આગેવાનો સાથે ચૂંટણીલક્ષી ચર્ચા કરી હતી. તેમણે પરંપરાગત કાર્યાલયને બદલે જાહેરમાં બેઠક યોજી હતી.

સંઘવી અંકલેશ્વરના ઐતિહાસિક ગોલ્ડનબ્રિજ નજીક આવેલી પ્રખ્યાત ગોલ્ડન ભેળની લારી પર પહોંચ્યા હતા. તેમણે સામાન્ય નાગરિકની જેમ નાસ્તો કર્યો અને સુરક્ષા પ્રોટોકોલની પરવા કર્યા વિના સીધા લોકો વચ્ચે જઈને ચૂંટણી સંબંધિત અપડેટ્સ મેળવ્યા હતા. આ બેઠકમાં ભાજપના આગેવાન મારુતિસિંહ અટોદરિયા, ધારાસભ્ય અરૂણસિંહ રણા, જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી અને મહામંત્રી પરેશ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને આગામી ચૂંટણીની તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આ સરળ અને જમીન સાથે જોડાયેલો અંદાજ સ્થાનિક લોકો અને પક્ષના કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## ઉત્રાણમાં આસ્થાના નામે સામૂહિક હત્યાનો પ્રયાસ?

## પ્રસાદના લાડુમાં ઝેર ભેળવી આખા પરિવારને ખતમ કરવાનું પૂર્વઆયોજિત કાવતરું, ૫ શંકાસ્પદો પોલીસ રડારમાં



સુરત- સુરતમાં ધાર્મિક આસ્થાના પ્રતીક સમાન પ્રસાદનો ઉપયોગ કરીને એક આખા પરિવારને ખતમ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય એવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. ઉત્રાણની શાલીગ્રામ હાઇટ્સમાં રહેતા એક પરિવારને અજાણ્યા શખસો દ્વારા દરવાજા પર ઝેરયુક્ત લાડુનો પ્રસાદ લટકાવીને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં હવે પોલીસે ઈઈઝટના આધારે પાંચ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરી તેમની પૂછપરછ શરૂ કરી છે.

ઉત્રાણ વિસ્તારમાં આવેલી લક્ઝુરિયસ સોસાયટી પૈકીની એક 'શાલીગ્રામ હાઇટ્સ'માં ગોરધનભાઇ વશરામભાઇ ડોડા પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા.૧૦મીના રોજ બપોરના સમયે જયારે ગોરધનભાઇ પોતાના ઘરે આવ્યા ત્યારે તેમણે ઘરના મુખ્ય દરવાજાના હેન્ડલ પર એક થેલી લટકતી જોઇ હતી. આ થેલીમાં બુંદીના લાડુ હતા. સામાન્ય રીતે ધાર્મિક પ્રસંગો કે બાધા-આખડી પૂરી થતી હોય ત્યારે પરિચિતો કે પડોશીઓ આ રીતે પ્રસાદ વહેંચતા હોય છે, તેથી ગોરધનભાઇને કોઈ શંકા ગઈ ન હતી. તેઓ આ પ્રસાદ ઘરે લઈ ગયા હતા. પરિવારના સભ્યો વચ્ચે આ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ગોરધનભાઇ પોતે, તેમના પત્ની અને તેમની પુત્રવધુએ આ લાડુ ખાધા હતા. જોકે, લાડુ ખાધાના થોડા જ સમયમાં ત્રણેય સભ્યોની તબિયત એકાએક લથડવા માંડી હતી. તેમને ચક્કર આવવા, ઉલટી થવી અને બેચેની જેવી અસરો વર્તાતા પરિવારમાં ફાળ પડી હતી. તબિયત વધુ બગડતા તાત્કાલિક અસરથી ત્રણેય વ્યક્તિઓને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઝેરની અસર ગોરધનભાઇ પર સૌથી વધુ જોવા મળી છે. તેમની ઉંમર અને ઝેરના પ્રમાણને જોતા હાલમાં તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જણાવાયું છે અને તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. જયારે અન્ય બે સભ્યોની સ્થિતિ હાલ સ્થિર છે પરંતુ તેઓ તબીબોના સઘન નિરીક્ષણ હેઠળ છે.

Date- 15/04/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ૩૦ ને મેમો, રસ્તો રોકનારા સામે ગુનો નોધાશે : કામરેજ ચોકડી આસપાસ ૨૫થી વધુ વાહનો ડિટેઇન



આંબોલી- આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કામરેજ પોલીસ ફરી એક્શનમાં જોવા મળી હતી.

કામરેજ પીઆઈ આર.બી ગોજિયાના નેતૃત્વમાં ગત રોજ પોલીસ કાફલા દ્વારા કામરેજ ચોકડી આસપાસ વિસ્તારમાં સઘન ફૂટ પેટ્રોલિંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી. કામરેજ ચાર રસ્તાથી શરૂ કરીને કામરેજ ગામ અને બાપા સીતારામ ચોક સુધીના અંદાજે ૭ કિલોમીટરના માર્ગ પર પોલીસે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.

જેમા પોલીસના ૭ ઉચ્ચ અધિકારીઓ અને ૩૦ જેટલા પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. જાહેર માર્ગો પર આડેધડ પાર્કિંગ અને લારીઓ ઉભી રાખવાને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યા અંગે પણ કડક વલણ અપનાવ્યું હતું.

પેટ્રોલિંગ દરમિયાન ૨૫ જેટલા વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. તેમજ ૩૦ જેટલા વાહનોને સ્થળ પર મેમો આપી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. કામગીરી વાળા સ્થળેથી પીઆઈ આર.બી ગોજિયાએ જણાવ્યું હતું કે આગામી ચૂંટણીને અનુલક્ષીને શાંતિ જળવાઈ તેમજ ટ્રાફિકની સમસ્યા હળવી થાય તે માટે કામગીરી કરવામાં આવી છે. રોડ પર આડેધડ વાહનો પાર્ક કરનારા અને પાથરણાં કે લારીઓ દ્વારા રસ્તો રોકનારાઓ સામે આગામી સમયમાં ગુના પણ દાખલ કરવામાં આવશે. તેમજ આગામી સમયમાં પેટ્રોલિંગ કામગીરી દરરોજ ચાલુ રહેશે.

## ઉત્તમ સેવાકાર્ય: દઢવાડાના જંગલોમાં ૧૧૦૦ બોટલ કીડીયારું પૂરી જીવદયા



માંડવી- માનવ સેવા અને જીવદયાના સમન્વય સાથે દઢવાડા ગામમાં એક સરાહનીય કાર્યક્રમ યોજાયો હતો. માં શક્તિ પાવન ધામ સેવા ટ્રસ્ટ (દઢવાડા) અને શ્રી વ્રજ વલ્લભ ગૌ-સેવા જીવદયા ટ્રસ્ટ (સુરત) ના સંયુક્ત ઉપક્રમે દઢવાડાના જંગલ વિસ્તારમાં વસતા મુંગા જીવો માટે સેવાની સરવાણી વહેવડાવવામાં આવી હતી.

આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત જંગલ વિસ્તારમાં વસતી કીડીઓ અને અન્ય જીવો માટે અનાજની ચણ અને કીડીયારું ભરેલી કુલ ૧૧૦૦ બોટલો પૂરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું હતું. ઉનાળાની શરૂઆતમાં જ્યારે કુદરતી ખોરાકની અછત હોય છે, ત્યારે આ પ્રકારના કાર્યથી પર્યાવરણ અને જીવદયાનો સુંદર સંદેશ સમાજમાં પ્રસરાવવામાં આવ્યો છે.

આ સમગ્ર સેવા કાર્યમાં સુરતના સેવાભાવી દાતા નિકુંજભાઈ પટેલનો મહત્વપૂર્ણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમ દરમિયાનમાં શક્તિ પાવન ધામ સેવા ટ્રસ્ટના પ્રમુખ મનહરદાસ બાપુ તથા મંત્રી અને જાણીતા સોશિયલ વર્કર રાજેશભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો. સ્થાનિકો દ્વારા આ કાર્યને ખૂબ જ બિરદાવવામાં આવ્યું છે. ટ્રસ્ટના સભ્યોએ જણાવ્યું હતું કે, આવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં જીવદયા અને પર્યાવરણના જતન પ્રત્યે જાગૃતિ આવે તેવો અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સેવાભાવી યુવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સુરક્ષા સાથે અગ્રણીઓ કાર્યાલયની બહાર આવ્યા: નવરચિત અંબિકા તા. પં. માં ભાજપમાં ભડકો, નેતા ઘેરાયા




**બારડોલી-** નવરચિત અંબિકા તાલુકા પંચાયતની પ્રથમ ચૂંટણીમાં જ ભાજપમાં વિખવાદ સપાટી પર આવ્યો છે. હળદવા ભાજપ કર્યાલય પર ઉમેદવારોના નામ જાહેર થાય તે પૂર્વે જ ગુપ્ત રીતે ફોર્મ ભરાવવાની કામગીરી ચાલી રહી હોવાની જાણ થતા કાર્યકરોનો રોષ ફાટી નીકળ્યો હતો. સ્થિતિ એટલી હદે વણસી હતી કે અંતે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

૯ મી એપ્રિલની રાત્રે હળદવા ગામ સ્થિત ભાજપ કાર્યાલય પર એક હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ભાજપના પ્રભારી હિતેશ નાયક અને તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામ ગરાસિયા પક્ષ દ્વારા સત્તાવાર યાદી જાહેર કરવામાં આવે તે પહેલાં જ સંભવિત ઉમેદવારો પાસે ફોર્મ ભરાવી રહ્યા હતા. આ વાતની જાણ અન્ય સક્રિય કાર્યકરોને થતા તેઓ મોટી સંખ્યામાં કાર્યાલય પર ઉમટી પડ્યા હતા.

કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે, 'પક્ષ દ્વારા હજુ સુધી કોઈના નામની જાહેરાત કરવામાં આવી નથી, તો પછી ક્યા આધારે અને કોના ઈશારે આ રીતે ખાનગીમાં ફોર્મ ભરાવવામાં આવી રહ્યા છે?' આ બાબતે કાર્યકરો અને નેતાઓ વચ્ચે ભારે રકઝક થઈ હતી. રોષે ભરાયેલા કાર્યકરોએ બંને નેતાઓને ઘેરી લીધા હતા અને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

મામલો બિચકતા અને વાતાવરણ તંગ બનતા સ્થાનિક નેતાઓએ પોલીસની મદદ માગી હતી. કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને કાર્યકરોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. ભારે મથામણ અને પોલીસ સુરક્ષા વચ્ચે હિતેશ નાયક અને ઘનશ્યામ ગરાસિયા કાર્યાલયની બહાર નીકળી શક્યા હતા.

## સીટી સ્કેન કરાવતા મોતનું કારણ જાણવા મળ્યું :હિસાબ કરતી વેળા મગજની નસ ફાટી જતાં યુવકનું મોત



માંડવી- માંડવી તાલુકાના ઉમરખડી ગામે આવેલા એક ઈંટના ભઠ્ઠા પર મજૂરી કામ કરતા શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મજૂરીના હિસાબ માટે બેઠેલા આ શ્રમિકની તબિયત અચાનક બગડતા તેમને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર પહેલા તેમનું અવસાન થયું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર મૂળ મધ્યપ્રદેશના ખજુરી ગામના વતની અને હાલ માંડવીના ઉમરખડી ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ જીગ્નેશભાઈ કલસરીયાના ઈંટના ભઠ્ઠા પર મજૂરી કરતા બાબુલાલ ધામરીયા સોલંકી (૫૧) મજૂરીના હિસાબ માટે અન્ય મજૂરો અને ઠેકેદાર સાથે બેઠા હતા. તેઓ જયારે ખાટલા પર બેસીને હિસાબ કરી રહ્યા હતા, ત્યારે બપોરે પોણા બાર વાગ્યાના અરસામાં અચાનક તેમની તબિયત લથડી હતી. તેઓ ચાલુ હિસાબે બેભાન થઈ ગયા હતા અને તેમને ઉલ્ટીઓ થવા લાગી હતી.

ભઠ્ઠા માલિક જીગ્નેશભાઈએ તાત્કાલિક પોતાની ગાડીમાં બાબુલાલને માંડવીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. ત્યાં સીટી સ્કેન કરાવતા જાણવા મળ્યું હતું કે તેમના માથાની નસ ફાટી ગઈ છે.

તબિયત વધુ ગંભીર જણાતા ડોક્ટરોએ તેમને સુરત નવી સિવિલ હોસ્પિટલ રિફર કર્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરત લઈ જતી વખતે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## નિવૃત્તિ પછી પણ સિંચન, શિક્ષકે સુકાતા વૃક્ષોમાં પ્રાણ ફૂંક્યા



માંડવી-કહેવાય છે કે 'શિક્ષક ક્યારેય નિવૃત્ત નથી થતો,' તે માત્ર પોતાનું કાર્યક્ષેત્ર બદલે છે. આ ઉક્તિને માંડવી હાઇ.ના નિવૃત્ત શિક્ષક ગટુભાઈ પટેલે અક્ષરશઃ સાચી સાબિત કરી બતાવી છે. ગટુભાઈએ પ્રકૃતિની સેવાને જ નવું મિશન બનાવી દીધું છે.

માંડવી નગરપાલિકાના મેદાન પર વોકિંગ ટ્રેકની બાજુમાં અનેક વૃક્ષોનું વાવેતર તો કરવામાં આવ્યું હતું, પરંતુ માવજતના અભાવે વૃક્ષો જાણે 'રામ ભરોસે' છોડી દેવાયા હતા.

ગટુભાઈ પટેલ દરરોજ આ મેદાન પર વોકિંગ માટે જાય છે. તેમની નજર પાલિકાની પાણીની લાઇનમાંથી થતા લીકેજ પર પડી. એક તરફ પાણીનો વેડફાટ થઈ રહ્યો હતો અને બીજી તરફ તરસ્યા વૃક્ષો સુકાઈ રહ્યા હતા.

તેઓ તરત જ ઘરેથી એક 'ડબ્બો' લઈ આવ્યા. તેમણે પેલી લીકેજ લાઇનમાંથી પાણી ભરીને એક-એક કરીને તમામ સુકાતા વૃક્ષોને પાયું. આ સિંચન પ્રક્રિયા સતત ચાલુ રાખી છે. જે હાથોએ વર્ષો સુધી વિદ્યાર્થીઓમાં વિદ્યાનું સિંચન કર્યું હતું, તે જ હાથો આજે મૂંગા વૃક્ષોમાં જીવનનું સિંચન કરી રહ્યા હતા. રખડતા ઢોર મહેનત પર પાણી ફેરવી શકે છે. આથી જ ગટુભાઈએ અપીલ કરી છે કે જો વૃક્ષોની આસપાસ ટ્રી ગાર્ડ લગાવી આપે, તો રખડતા ઢોરથી છોડ સુરક્ષિત રહે.

ગટુભાઈ પટેલનું આત્ર કાર્ય શીખવે છે કે આપણે જે સમાજમાં રહીએ છીએ, તેના પ્રત્યે આપણી પણ કંઈક જવાબદારી છે. આજે માંડવી પાલિકાના મેદાન પરના એ વૃક્ષો ફરી લહેરાઈ રહ્યા છે, તેની પાછળ 'શિક્ષક'ની અવિરત સેવા છુપાયેલી છે.

ગટુભાઈનું આ કાર્ય માત્ર પાણી પાવા પૂરતું મર્યાદિત નથી, પણ તે સમાજ માટે એક સંદેશ છે. તેમણે સાબિત કર્યું કે પર્યાવરણની રક્ષા માટે મોટા બજેટ કે સંસ્થાઓની જરૂર નથી, માત્ર એક ઉમદા વિચાર અને મહેનત કરવાની તૈયારી જોઈએ. 'જેમ શિક્ષણ વગર બાળકનું ભવિષ્ય કરમાઈ જાય છે, તેમ પાણી વગર આ પ્રકૃતિ પણ કરમાઈ જાય છે. આ વૃક્ષો પણ મારા વિદ્યાર્થીઓ જેવા જ છે.

## કામરેજમાં ચૂંટણી પહેલા પોલીસનું ફૂટ પેટ્રોલિંગ:૭ કિમી પોલીસકર્મીઓ ચાલ્યા, ૨૫ વાહન ડિટેઈન કર્યા, ૩૦ ને દંડ ફટકાર્યો



કામરેજ- સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા સઘન કાર્યવાહી હાથ ધરી છે. કામરેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.બી. ગોજિયાના નેતૃત્વમાં પોલીસ કાફલાએ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.


પોલીસે કામરેજ ચાર રસ્તાથી કામરેજ ગામ અને બાપા સીતારામ ચોક સુધીના આશરે ૫ થી ૭ કિલોમીટરના માર્ગ પર ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. આ કામગીરીમાં ૭ ઉચ્ચ અધિકારીઓ સહિત ૩૦ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. પેટ્રોલિંગ દરમિયાન પોલીસે માર્ગો પર આડેધડ પાર્કિંગ અને લારીઓ ઊભી રાખીને ટ્રાફિક સમસ્યા સર્જતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરી હતી. કુલ ૨૫ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા, જયારે ૩૦ વાહનોને સ્થળ પર મેમો આપી દંડ વસૂલવામાં આવ્યો હતો.

કામરેજ પી.આઈ. આર.બી. ગોજિયાએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહી ચૂંટણી દરમિયાન શાંતિ જાળવવા અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, રોડ પર આડેધડ વાહનો પાર્ક કરનારા અને પાથરણાં કે લારીઓ દ્વારા રસ્તો રોકનારાઓ સામે ભવિષ્યમાં ગુના પણ દાખલ કરવામાં આવશે. આ પ્રકારનું પેટ્રોલિંગ હવે દરરોજ ચાલુ રહેશે. પોલીસની આ કડક કાર્યવાહીથી માર્ગો પર દબાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. બીજી તરફ, સામાન્ય નાગરિકોએ ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળતા રાહત અનુભવી છે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી
જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત
માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર
પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)